<u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૨૮</u>

<u>તારીખ.૧૪–૦૮–૨૦૧૭</u>

ખંભાત નગરપાલિકા વિસ્તારમાં ભુર્ગભ ગટર યોજનાની કામગીરી સરકારશ્રી ના જી.યુ.ડી.સી.વિભાગ તરફથી કરવામાં આવેલ ગુજરાત શહેરી વિકાસ કંપનીની કચેરીના પત્ર નંબર.જી.યુ.ડી.સી.પ્રોજેકટ/ખંભાત/૨૦૧૭/૧૨૯૪તારીખ. –૦૫–૨૦૧૭ના પત્રથી ભુર્ગભ ગટર યોજના અંતર્ગત સાફ સફાઈ અને સંચાલનનો સમય ગાળો તારીખ.૩૧–૦૭–૨૦૧૭ના રોજ પુર્ણ થનાર હોઈ ત્યાર બાદ ખંભાત નગરપાલિકામાં આવેલ ડ્રેનેજ પંપીગ સ્ટેશનો નંગ–૮ ની સાફ સફાઈ અને સંચાલન માટે કામગીરી કરવાની થતી હોઈ નગરપાલિકા કક્ષાએથી – ડ્રેનેજ પંપીગ સ્ટેશનોની સાફ સફાઈ અને સંચાલન માટે યોગ્ય તથા અનુભવી એજન્સીઓ – પાસે જરૂરી ભાવ પત્રકો મંગાવવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૬ તારીખ.૧૧–૦૭– –૨૦૧૭થી જાહેરાત પ્રસિધ્ધ કરવા મંજુર થયેથી "સંદેશ" તથા "નયા પડકાર"દૈનીક પેપરમાં આપેલ જે જાહેરાત પ્રસિધ્ધ થતાં તારીખ.૨૧–૦૭–૨૦૧૭ સુધીમાં કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ હતી તથા ટેન્ડર ભરીને પરત આપવાની છેલ્લી તારીખ.૨૭–૦૭–૨૦૧૭ હતી જે સમય મર્યાદામાં ડ્રેનેજ પંપીગ સ્ટેશનોની સાફ સફાઈ અને સંચાલનના કામ બાબતે ચાર – (૪) એજન્સીઓના ટેન્ડર કોપી આવેલ જે નીચે જણાવેલ છે.

(૧) મહેશ કન્સ્ટ્રકશન, વાપી
(૨) લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ, ધર્મજ
(૩) શ્રી શકિત ઈલેકટ્રીક મોટર રીવાઈન્ડીગ વર્કસ, કંસારી
(૪) જગદીશભાઈ પુનમભાઈ પારેખ, ધર્મજ

ઉપરોકત આવેલ એજન્સીઓના ભાવપત્રકો તારીખ.૨૮–૦૭–૨૦૧૭ના રોજ અધિકારી શ્રી તથા પદાધિકારીશ્રીની રૂબરૂમાં ખોલવામાં આવેલ છે આવેલ ભાવ પત્રકોનું તુલનાત્મક પત્રક જોતા ડ્રેનેજ પંપીગ સ્ટેશનોની સાફ સફાઈ અને સંચાલન કામ બાબતે મહેશ કન્સ્ટ્રકશન, વાપી વાળાના ભાવ અંદાજીત ભાવથી ૨૫% (પચ્ચીસ ટકા) વધુ સૌથી ઓછા ભાવ આવેલ છે. સદર ભરેલ ભાવમાં નેગોશીયેશન કરવા મહેશ કન્સ્ટ્રકશન,વાપી વાળાને રૂબરૂ બોલાવતાં ભરેલ ભાવ બરાબર હોઈ ઓછુ કરવા સંમત નથી તેમ લેખીતમાં જણાવલ છે તદઅનુસાર ડ્રેનેજ – પંપીગ સ્ટેશનોની સાફ સફાઈ અને સંચાલનના કામ અંદાજીત રકમ રૂપીયા.૧૪,૭૬,૦૦૦/– અંકે રૂપીયા ચૌદ લાખ છોતેર હજારા પુરાથી ૨૫% (પચ્ચીસ ટકા)વધુ રૂપીયા.૩,૬૯,૦૦૦/– આમ કુલ રૂપીયા.૧૮,૪૫,૦૦૦/– અંકે રૂપીયા અઢાર લાખ પીસ્તાલીસ હજાર પુરા પ્રમાણે મહેશ કન્સ્ટ્રકશન, વાપી વાળાના ભાવ મંજુર કરવામાં આવે છે અને તેઓને માસીક તારીખ. ૦૧ થી ૦૫ માં રૂપીયા.૧,૫૩,૭૫૦/–અંકે રૂપીયા એક લાખ તેપ્પન હજાર સાતસો પચાસ પુરા ચુકવી આપવાના રહેશે અને સદર કોન્ટ્રાકટ આગામી ત્રણ વર્ષ સુધી અમલવારી કરવાની

રહેશે. આ બાબતે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી કમીટી તથા આ બાબતે આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસરશ્રી ને અધિકૃત કરવામાં આવે છે સદર ઠરાવનો અમલ તારીખ.૦૧–૦૯–૨૦૧૭ થી કરવાનો રહેશે તથા બાકીની એજન્સીએ ભરેલ અર્નેસ્ટ–મનીની રકમ પરત આપવા મંજુર.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં..૧૨૯

## તારીખ.૧૪–૦૮–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફથી વર્ષ ૨૦૧૫–૧૬ની રીવાઈઝડ બજેટ મંજુરી મુજબની બાકી તફાવતની રકમ તથા વર્ષ ૨૦૧૬–૧૭ની મનોરંજન કર યોજનાની ગ્રાંટના સુધારેલા અંદાજ મુજબ ખંભાત નગરપાલિકાને ફાળવેલ ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડના દફતરી હુકમ નંબર. મફબ/મનો.કર/ગ્રાંટ/૨૦૧૫–૧૬/રીવાઈઝડ તથા ૨૦૧૬–૧૭/વશી/૨૦૧૭/ ૪૫૯૩ તારીખ.૩૧–૦૩–૨૦૧૭ મુજબ નગરપાલિકાને ફાળવેલ રૂપીયા. ૬૮,૪૦,૧૫૫/– અંકે રૂપીયા અડસઠ લાખ ચાલીસ હજાર એકસો પંચાવત પુરા ની રકમ તથા રાષ્ટ્રીય પર્વ (૨૬ મી જાન્યુઆરી ૨૦૧૭) માટેના હુકમ નંબર ક્રમાંક/આયોજન/૨૦૧૭/વશી/૬૬ તારીખ.૨૯–૦૪–૨૦૧૭ મુજબ નગરપાલિકાને ફાળવેલ રૂપીયા.૩૧.૯૧/– લાખ પુરા આમ બંને રકમ મળી કુલ રૂપીયા. ૧,૦૦,૩૧,૧૫૫/– અંકે રૂપીયા એક કરોડ એકત્રીસ હજાર એકસો પંચાવન પુરાની રકમ ખંભાત શહેરમાં સી.સી.ટી.વી.સર્વેલન્સ સીસ્ટમ નાંખવા માટે રકમની દરખાસ્ત જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા)માં સાદર કરેલ જેમાં ડુંડા કચેરીના નંબર. ડુડા/વિકાસ ભંડોળ/મનોરંજન કર/૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭/ખંભાત/વશી/૩૭૬ તારીખ.૧૮–૦૭–૨૦૧૭ એન–કોડ શોલ્યુશન મારફતે ભાવ મંગાવવા મંજુર તથા તે અંગેનો ખર્ચ મંજુર કરવામાં આવે છે. આ અંગેની જાહેરાત "સંદેશ" આણંદ જીલ્લા આવૃત્તિ તથા "નયા પડકાર" આણંદ આવૃત્તિમાં પ્રસિધ્ધ કરવા ઠરાવવામાં આવે છે. તે અંગે થતો ખર્ચ મંજુર કરવામાં આવે છે

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય

ચેરમેન

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા

સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ

સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર..૧૩૦

## તારીખ.૧૪–૦૮–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફીસરશ્રી ની ભલામણ ધ્યાને લેતા નીચે દર્શાવેલ કર્મચારીઓની તેમના પી.એફ.ખાતામાં જમા થયેલ રકમમાંથી પી.એફ.લોનની માંગણી કરેલ હોવાથી પી.એફ.લોન આપવા તેઓના નામની સામે દર્શાવેલ રકમ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | આગા નાઝીમહુસેન આગાજાફરખાન | પી.એફ.લોન | ૨૦૦૦૦૦.૦૦ |
| ૨ | લીલાબેન મહેશભાઈ હરીજન | પી.એફ.લોન | ૧૦૦૦૦૦.૦૦ |
| ૩ | બુજનબેન શનાભાઈ હરીજન | પી.એફ.લોન | ૧૦૦૦૦૦.૦૦ |
| ૪ | શારદાબેન ભોગીલાલ હરીજન | પી.એફ.લોન | ૬૫૦૦૦.૦૦ |
| | | | ૪૬૫૦૦૦.૦૦ |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ પી. એફ. લોનની રકમ પી. એફ. ખર્ચ ખાતે પાડી ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા